જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૪/૨૦૧૮ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૨૪/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી, ૮૬ લીટર દેશી દારૂ અને ૬ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૩૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૭,૮૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૨૫/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૬૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૭૨૬/૧૮

**ઘાટલોડીયાઃ** સજી જોસેફ દેવસ્યા પુરોહીત (રહે. પ્રતિક્ષા એપાર્ટમેન્ટ સોલા રોડ ઘાટલોડીયા) એ તા.૧૪/૪/૧૮ નારોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૦૩/૧૭ થી તા.૨૫/૪/૧૭ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી Oopnp.com નામની કન્સલ્ટન્ટ કંપનીમાં કામ કરતા જોનસન નામની વ્યક્તિ તથા મો.નં +૧૭૭ ૮૭૭૧૪૨૨૯ ના ધારકે સજી જોસેફ દેવસ્યા પુરોહીત તથા તેમની પત્નીને કેનેડા ખાતે નોકરી અપાવવાની લાલચ આપી રૂપિયા ૨,૧૫,૦૦૦/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.આર પટેલ ચલાવે છે.

**વટવાઃ** અનીલ કુમાર ઠાકોરલાલ શાહ (રહે.કમલકુંજ સોસાયટી કાંકરિયા) એ તા.૧૪/૪/૧૮ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૧૦/૨૦૧૭ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી મહેન્દ્રભાઇ દિનકરભાઇ ગુરવ (રહે.ધનપાલેશ્વર સોસાયટી વટવા વિંઝોલ) એ વિંઝોલ ધનપાલેશ્વર સોસાયટી સબ પ્લોટ નં ૬૫ તથા પ્લોટ નં ૬૬ વેચાણ લેવાનુ નક્કિ કરી અને અવેજ ચુકવ્યા વગર મિલકતનુ તાળુ તોડી પ્લોટ નં ૬૫ મા રહેલ એંગલો તથા ગડરો કિમત રૂપિયા ૨૫,૦૦,૦૦૦/- ચોરી કરી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.જે.સરવૈયા ચલાવે છે.

## વાહન અકસ્માતમાં મૃત્યુ:- સમાચાર યાદી નં.૭૨૭/૧૮

**શહેરકોટડાઃ** રમેશભાઇ ધુળાભાઇ મકવાણા (ઉ.વ.૫૫) (રહે.પાયલપાર્ક સોસાયટી નાગનાથ મંદિરની બાજુમા કૃષ્ણનગર) એ તા.૧૪/૪/૧૮ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૦૪/૧૭ રાતના ૯/૪૫ વાગ્યાના સુમારે રમેશભાઈ મકવાણાનો પુત્ર વિપુલ અમદુપુરા રોડ સુમેલ બિજનેસ પાર્ક નજીકથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યો હતો ત્યારે હોન્ડા સાઇન મોટર સાયકલ નંબર ૨૭ બીડી ૯૩૭૨ ના ચાલકે મોટર સાયકલ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી વિપુલના મોટર સાયકલને ટક્કર મારતા વિપુલને ગંભીર ઈજાઓ થતા સારવાર દરમ્યાન વિપુલનુ મૃત્યુ નિપજયું હતુઆ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.ડી.કલારા ચલાવે છે.

**નરોડાઃ** રાજેશભાઇ ગુણવતભાઇ ભટ્ટી (ઉ.વ.૫૦)(રહે.વલ્લભ એપાર્ટમેન્ટ બોડકદેવ વસ્ત્રાપુર તળાવ પાસે) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૪/૧૭ રાતના ૧૦/૪૫ વાગ્યાના સુમારે નરોડા પાટીયા સર્કલ નજીક બીઆરટીએસ બસ સ્ટેન્ડ નજીકથી રાજેશભાઇ પોતાના મિત્રને મોટર સાયકલ પાછળ બેસાડી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક અજાણ્યા ટ્રકના ચાલકે ટ્રક પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લાવી, મોટર સાયકલને ટક્કર મારતા રાજેશભાઇના મિત્ર શૈલેષભાઇ જગુભાઇ મેસરીયા (ઉ.વ.૪૫) ટ્રકના ટાયર નીચે આવી જતા, શૈલેષભાઇનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એમ.પટેલ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૭૨૮/૧૮</u>**

**સરખેજઃ** પાયલબહેન વા/ઓ અલ્પેશ ઉર્ફે સોમાભાઈ ગળીયલ (ઉ.વ.૨૫) (રહે. ભરવાડ વાસ મકરબા પાણીની ટાંકી પાસે સરખેજ) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૪/૧૮ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડીબાંધી ગળેફાંસો ખાઇઆત્મહત્યા કરી લીધી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનરશ્રી “એમ” ડીવીઝન ચલાવે છે.

**ઓઢવઃ** શારદાબહેન લીલાભાઇ દંતાણી (ઉ.વ.૪૨) (રહે. ઇશ્વરભાઇ રબારીની ચાલી ભવાનીનગર ઓઢવ) એ બીમારીથી કંટાળી તા.૧૧/૦૪/૧૮ બપોરના ૨/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે લાકડાની વળી સાથે દોરી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા૧૪/૦૪/૧૮ કલાક ૯/૨૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુઆ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.કે.મકવાણા ચલાવે છે.

**દાણીલીમડાઃ** શૈલેષ રવિભાઇ ટીયા (ઉ.વ.૨૫) (રહે. રામજી મંદીરની ચાલી જમાલપુર દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૧૩/૪/૧૮ સાજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે વા.સા.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જયાં સારવાર દરમ્યાન તા.૧૪/૪/૧૮ કલાક ૧૨/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુઆ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જી. જલવાણી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.